# રાષ્ટ્રપતિ પદ માટે એનડીએના ઉમેદવાર દ્રોપદી મુર્મુ ગાંધીનગરમાં



## દ્રોપદી મુર્મુ માત્ર આદિવાસી સમુદાય જ નહીં તમામ ભારતીયોના આદર્શ-નારીશક્તિનું આગવું પ્રતીક : મુખ્યમંત્રીશ્રી



ગાંધીનગર, તા.૧૭

રાષ્ટ્રપતિ પદ માટે એન.ડી.એ.ના ઉમેદવાર દ્રોપદી મુર્મુ ગુજરાતના વિધાયકો, સાંસદોનું સમર્થન માંગવા ગાંધીનગર આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ, નવસારીના સાંસદ અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ તેમજ રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ, ધારાસભ્યો સાથે આ સંદર્ભમાં તેમણે બેઠક યોજી હતી. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રોપદી મુર્મુ માત્ર આદિવાસી સમુદાય જ નહીં તમામ ભારતીયોના આદર્શ છે. સામાન્ય શિક્ષકથી ધારાસભ્ય, મંત્રી અને રાજ્યપાલ સુધીની સફળ સેવાયાત્રા કરનારા દ્રોપદી મુર્મુ નારીશક્તિનું આગવું પ્રતીક છે. બહોળો અનુભવ, ઊંડી વહીવટી સમજ અને અત્યંત કરુણાભાવી વ્યક્તિત્વ ધરાવતા દ્રૌપદી મુર્મુજીના રૂપમાં દેશની જનતાને સર્વોચ્ચ પદે એક સંવેદનશીલ સ્વજન મળી રહેશે.

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રોપદી મુર્મુને આવકારતા મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે દ્રોપદી મુર્મુની પસંદગી થતા દેશના વંચિત વર્ગો, અનુસૂચિત જનજાતિઓ સહિત કરોડો નાગરિકોની આશા-અકાંક્ષાઓ પૂરી થવા જઈ રહી છે. ભારતની લોકશાહીની એ સુંદરતા છે કે બંધારણે સૂચવેલા સમાનતા અને સમરસતાના આદર્શોનું સુપેરે પાલન થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી પરિવારવાદ નહીં પણ રાષ્ટ્રવાદની વિચારધારાને વરેલી પાર્ટી છે. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે દ્રોપદી મુર્મુજીની પસંદગી કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકતાંત્રિક મૂલ્યોની આગવી પરંપરા ઉભી કરી છે. અંત્યોદયથી સર્વોદયનો રાહ અપનાવી આદિવાસી, જનજાતિ સમુદાયને વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરવાનું કામ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ કરી દેખાડ્યું છે.

દ્રૌપદી મુર્મુએ પોતાના વ્યક્તવ્યમાં કહ્યું કે, આ પ્રદેશે દેશને શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા કર્મઠ તેમજ યશસ્વી પ્રધાનમંત્રી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ જેવા કાર્યક્ષમ નેતાઓ આપ્યા છે જેમના નેતૃત્વમાં ભારત દરેક નવી સફળતા હાંસલ કરીને વિશ્વના એક મહત્વપૂર્ણ રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે તે ગર્વની વાત છે.

રાષ્ટ્રપતિ જેવા સર્વોચ્ચ બંધારણિય હોદ્દા માટે ઉમેદાવરી કરવા અંગે તેમણે ગૌરવભેર જણાવ્યું કે, ભારતમાં લોકશાહીની પરંપરાઓનું પાલન કરવાનું એક અનોખું ઉદાહરણ સ્થાપિત થઈ રહ્યું છે. દેશના સફળ વડાપ્રધાનના નેતૃત્વમાં આજે ભારત દરેક ક્ષેત્રમાં વિકાસના નવા અધ્યાયો ઉમેરી રહ્યું છે. વિશ્વમાં ભારતનું સ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ બનવાની સાથે સાથે સમગ્ર વિશ્વનો આપણા દેશ પ્રત્યેનો અભિગમ પણ બદલાયો છે, તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે આહ્વાન કર્યું કે, આપણે દેશની આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. આ અમૃતકાળમાં આપણા વડાપ્રધાને આગામી ૨૫ વર્ષમાં દેશમાં થનારી વિકાસ યોજનાઓની વિસ્તૃત રૂપરેખા રજૂ કરતાં તમામ દેશવાસીઓ પાસેથી સકારાત્મક યોગદાન અને સમર્થનની અપેક્ષા રાખી છે. આપણે બધા એક થઈએ અને ભારતને સૌથી ગૌરવશાળી અને સમૃદ્ધ દેશ બનાવવા માટે સમર્પિત ભાવના સાથે કામ કરીએ, તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

દ્રૌપદી મુર્મુજીએ તમામને અપીલ કરી કે, તેમણે તેમનું જીવન આદિવાસી સમુદાય, મહિલાઓ અને સમાજના છેલ્લા છેવાડાના લોકોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્થાન માટે સમર્પિત કર્યું છે. તેઓ યોજાનાર ભારતના રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં એન.ડી.એ.ના ઉમેદવાર તરીકે સૌ વિધાયકોને તેમના મૂલ્યવાન સમર્થનની વિનંતી કરવા આવ્યા છે. ભારતની આઝાદીના અમૃત પર્વના અમૃતકાળના અવસરે લોકશાહીના હિતમાં મહિલા શક્તિને સમર્થન આપીને ભારતીય ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરવાનું ગૌરવ મેળવવા તેમણે અપીલ કરી હતી.

# ગુજરાતના દરિયાકાંઠેથી મોટું સંકટ આખરે ટળી ગયું

## અરબી સમુદ્રમાં ૭૦ કિમી દૂર વાવાઝોડું પસાર :માછીમારોને વાવાઝોડું દરિયો ન ખેડવાની સૂચના અપાઈ

અમદાવાદ, તા.૧૭

ઓખા ખાતે ગુજરાતના દરિયાકિનારથી ૭૦ કિલોમીટર દૂર અરબી સમુદ્રમાં વાવઝોડાના કારણે ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. આ વાવાઝોડું ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગના અધિકારીઓ દબાણ ઝોન તરીકે વર્ગીકૃત હવામાન પ્રણાલી પર શનિવાર સવારથી પોરબંદરના કિનારાથી ૧૦૦ કિમી પશ્ચિમમાં તેની રચના થઈ ત્યારથી નજર રાખી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા રવિવાર સવારે જાહેર કરાયેલા બુલેટિનમાં આ જાણકારી આપવામાં આવી છે. હવામાન વિભાગના બુલેટિનમાં કહેવામાં આવ્યું હતું કે, વાવાઝોડું આગામી ૪૮ કલાકમાં પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમમાં ઓમાનના દરિયાકાંઠા તરફ ઉત્તર-પશ્ચિમ અરબી સમુદ્રને પાર કરવાની સંભાવના છે. હવામાન વિભાગે જણાવ્યું કે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠા નજીક પૂર્વોત્તર અરબી સમુદ્ર પર દબાણ ઝોન છેલ્લા ૬ કલાકમાં પાંચ કિલોમિટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર પશ્ચિમ તરફ ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. તે રવિવાર સવારે સાડા પાંચ વાગે ગુજરાતના પોરબંદરથી લગભગ ૧૭૦ કિમી પશ્ચિમ-પશ્ચિમોત્તર, ઓખાથી ૭૦ કિમી પશ્ચિમ-પશ્ચિમોત્તર, નલિયાથી ૭૦ કિમી દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ અને પાકિસ્તાનના કરાચીથી ૨૭૦ કિમી દક્ષિણ-દક્ષિણ પૂર્વમાં કેન્દ્રીત હતું. હવામાન વિભાગે રવિવાર સાંજ સુધી ૫૫ કિમી પ્રતિ કલાક અને ક્યારેક ક્યારેક ૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની સંભાવના વ્યકત કરી છે. ગુજરાતના દરિયાકાંઠા પર અને તેની આસપાસ રવિવાર સાંજ સુધી દરિયામાં સ્થિતિ ખરાબ રહેવાની સંભાવના છે. માછીમારોને વાવાઝોડું સમાપ્ત ન થાય ત્યાં સુધી દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હતી.



વરસાદ સારો થતા ખેતરમાં વાવણી પહેલાની કામગીરી ટ્રેક્ટર દ્વારા કરવામાં આવી રહી છે.

# અર્બુદા સેનાનુ સંગઠન વધુ મજબુત બનાવવા માટે ઘર ઘર સુધી સંદેશો પહોંચાડાશે

## અર્બુદા સેનાના બંધારણ સહીત ઉદેશ્ય એ સંગઠનના મુદ્દે કારોબારી બેઠકમાં સમાજના અગ્રણીઓએ વિવિધ મુદ્દે નિર્ણય કર્યા

ગાંધીનગર તા ૧૭

આંજણા ચૌધરી સમાજની એકતા માટે અર્બુદા સેનાની રચના કરવામાં આવી છે. જયારે ટુંક સમયમાં જ સેનાનો વ્યાપ વધતા કાર્યકરો તેમજ આગેવાનોનો ઉત્સાહ પણ વધતો જાય છે. જયારે અર્બુદા સેનાની આજે સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે કારોબારી બેઠક મળી હતી સમાજના અગ્રણી અને પુર્વ ગૃહમંત્રી વિપુલભાઇ ચૌધરીના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં અર્બુદા સેનાનુ બંધારણ, ઉદેશો તેમજ સંગઠન સહીતની બાબતો અંગે વિવિધ ઠરાવો કરવામાં આવ્યા હતા. સે-૨૯ ક-૭ પાસે સેનાનુ કાર્યાલય કાર્યરત કરાયુ છે. જયારે આંજણા ચૌધરી સમાજની કોઈપણ પુખ્ત વયની વ્યકિત આ સેનાના સભ્ય બની શકશે. જયારે સભ્યપદ પણ નિઃશુલ્ક રહેશે. જેમાં અર્બુદા સેના સંગઠનનો સંદેશ સમાજના દરેક ઘર ઘર સુધી પહોંચાડવામાં આવે અને આ માટે પ્રચારતંત્ર પણ યોગ્ય રીતે ગોઠવાય અને સેનાનો પ્રત્યેક કાર્યકર તેની સામાજિક જવાબદારી સમજીને સંગઠનના કામે લાગી જાય એવી પણ અપીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત અર્બુદા મહીલા સેનાના સંગઠનની રચના કરવા માટે પણ ઠરાવ કરવામાં આવ્યો હતો. જેના અંતે મહીલા ઉત્થાનના કાર્યો હાથ ધરવા અર્બુદા મહીલા સેનાની રચના કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત રાજય સમિતિની સાથે રાજયની સામાન્ય સભા દરેક ગ્રામ સમિતિઓના સભ્યોનો સમાવેશ કરવા સહીત તમામ સમિતિઓના હોદેદારોની મુદત ૨ વર્ષની રાખવા માટે પણ નિર્ણય લેવાયો હતો. સમાજના તમામ ક્ષેત્રમાં નિષ્ઠાવાન અને પ્રામાણિક અગ્રણીઓને આગળ ધરી સમાજના ઘડતરનુ કામ મજબુત રીતે કરવા તેમજ જાહેર જીવનમાં સમાજની અસ્મિતા જળવાય તે માટે યુવા પેઢીને જાગૃત રાખવા સમાજના હક્ક અને સ્વાભિમાન જળવાય તે માટે પણ જાગૃત રહેવા જણાવાયુ હતુ. જયારે અર્બુદા સેના કોઈપણ પ્રકારનુ ભંડોળ ઉભુ નહી કરે જયારે ખર્ચ દાન અને ફંડની રકમમાંથી નિભાવશે તેમજ મિલ્કત પણ ઉભી નહીં કરે પરંતુ જરૂરિયાતને ધ્યાનમાં રાખી કાર્યાલયની વ્યવસ્થા કરશે.




# આજથી ધોરણ ૧૦/૧૨ બોર્ડના વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા શરૂ

## સવારની પરીક્ષાનો સમય ૧૦થી ૧.૧૫નો રહેશે બપોરની પરીક્ષાનો સમય ૩થી ૬.૧૫ સુધીનો રહેશે

અમદાવાદ, તા.૧૭

આવતીકાલથી ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડના વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા શરૂ થશે. ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડના વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા ૨૨ જુલાઈ સુધી યોજાશે. એક અથવા બે વિષયમાં અનઉત્તીર્ણ વિદ્યાર્થીઓની બોર્ડ દ્વારા પૂરક પરીક્ષા લેવાશે. ધોરણ ૧૦ બોર્ડના વિદ્યાર્થીઓની કાલે સવારે બેઝિક ગણિતની પરીક્ષા જ્યારે બપોરે પ્રથમ ભાષાની પરીક્ષા યોજાશે. સવારની પરીક્ષાનો સમય સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧.૧૫ સુધીનો રહેશે, જ્યારે બપોરની પરીક્ષાનો સમય ૩ વાગ્યાથી ૬.૧૫ વાગ્યા સુધીનો રહેશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સવારે ગણિત અને બપોરે જીવવિજ્ઞાનની પરીક્ષા રહેશે. સવારનો સમય ૧૦.૩૦ થી બપોરે ૨ વાગ્યા સુધીનો તો બપોરે યોજાનારી પરીક્ષા ૩ વાગ્યાથી સાંજે ૬.૩૦ દરમિયાન લેવાશે.

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની પરીક્ષા પાર્ટ A અને B ફોર્મેટમાં લેવાશે. પાર્ટ A માં OMR પદ્ધતિના કુલ ૫૦ માર્કના ૫૦ પ્રશ્નો રહેશે, જેના માટે એક કલાકમાં સમય મળશે. પાર્ટ B માં વર્ણાત્મક પ્રકારના ૫૦ માર્કના પ્રશ્ન રહેશે, જેના માટે ૨ કલાક આપવામાં આવશે. સામાન્ય પ્રવાહ/ ઉ.ઉ.બુ. પ્રવાહ તેમજ વ્યવસાયલક્ષી પ્રવાહમાં એક વિષયમાં અનુત્તિર્ણ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે.

જુદા જુદા વિષયની પરીક્ષાનો સમય બપોરે ૩ થી સાંજે ૬.૧૫ સુધીનો રહેશે. સંસ્કૃત પ્રથમના વિદ્યાર્થીઓની સવારે ગણિત અને બપોરે સામાજિક વિજ્ઞાનની પરીક્ષા લેવાશે. સવારની પરીક્ષાનો સમય સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧.૧૫ સુધીનો રહેશે, જ્યારે બપોરની પરીક્ષાનો સમય ૩ વાગ્યાથી ૬.૧૫ વાગ્યા સુધીનો રહેશે.

પૂરક પરીક્ષાનો સંપૂર્ણ કાર્યક્રમ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, કમ્પ્યુટર વિષયની પ્રાયોગિક પરીક્ષામાં અનઉત્તીર્ણ વિદ્યાર્થીઓની પરીક્ષા શાળા કક્ષાએથી લેવાઈ ચૂકી છે, જેનું પરિણામ ૧૪ જુલાઈ સુધીમાં શાળાએ બોર્ડને મોકલવાનું હતું.

### અનેક દુવિધાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભાવે રહીશો પરેશાન છે. જયારે રાત્રિના સમયે પણ સ્ટ્રીટ લાઇટના અભાવે અંધારપટ્ટ છવાયેલો રહેતા ભય પ્રવર્તે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુડાની રાયસણ સ્થિત એલ આઇ જી આવાસ યોજનામાં પણ ગરીબ લાભાર્થીઓ માટે રોજબરોજ નતનવી સમસ્યા ઉભી થઇ રહી છે. આ આવાસોમાં પણ લીફટની સુવિધાના નામે મીંડુ છે. જયારે લોબીમાં ઉખડી ગયેલી ટાઇલ્સના લીધે પણ વડીલો ગબડી પડે છે. સફાઇ વ્યવસ્થા પણ જળવાતી નથી જાળવણી ખર્ચ માટે લાભાર્થીઓ પાસેથી ગુડાએ રૂપિયા લીધા બાદ આવાસની ફાળવણી કરવામાં આવી ત્યારબાદ કોઈપણ પ્રકારની સુવિધા મળે તે મુજબનુ આયોજન કરાયુ નથી. જયારે ગુડા દ્વારા આવાસો ભાડે આપવામાં આવ્યા હોવાનો મુદ્દો ઉપસ્થિત કરીને ગુણવત્તા વગરની કામગીરી છુપાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગરીબ લાભાર્થીઓ પણ રજુઆત કરીને થાકી ગયા છે. ગુડાની આ પ્રથમ યોજનાનુ સંપુર્ણ રીનોવેશન કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

### કોરોના વિસ્તર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં ૫ અને કલોલમાં ૮ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકાના કલ્યાણજીના મુવાડા ગામેથી બે કેસ તેમજ ચેખલાપગી ગામેથી વધુ એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટસ્પોટ બનેલ અડાલજ ગામેથી વધુ ૩ કેસ મળી આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે. અડાલજમાં સર્વેલન્સ સઘન કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને કોરોના ગાઈડલાઈનના પાલન માટે કડક તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત માધવગઢ અને સાદરા ખાતેથી પણ કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કોરોના માટે સંવેદનશીલ બનેલ અદાણી શાંતિગ્રામ ખાતે ૨, ભોંયણ મોટી ગામે ૨, કરોલી ગામેથી પણ ૨ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત હાજીપુર અને રાંચરડા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનોન વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા દર્દીઓ સાથે ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૦૦ના આંકને પાર કરી ગઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૮૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓ દ્વારા આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

### સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરોડનો આંકડો આ વર્ષે ૭ જાન્યુઆરીએ થયો હતો.

દેશમાં કોરોના સામેની જંગમાં નાગરિકોને સુરક્ષિત બનાવવા માટે ૧૬ જાન્યુઆરી ૨૦૨૧માં રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં સૌથી પહેલા હેલ્થકેર વર્કર્સને રસી આપવાની શરુઆત કરવામાં આવી હતી.

આ પછી બીજા ફેઝમાં ૧ માર્ચ ૨૦૨૧થી ૬૦ વર્ષથી ઉપરના અને ૪૫ વર્ષથી વધુ વયના કે જેઓ ગંભીર બીમારીઓથી પીડાય છે તેમને રસીના ડોઝ આપવાની શરુઆત કરવામાં આવી હતી. ચાલુ વર્ષે ૩ જાન્યુઆરીથી ૧૫-૧૮ વર્ષની વયના લોકોને રસી આપવાની શરુઆત કરવામાં આવી હતી. ભારતમાં બૂસ્ટર ડોઝ આપવાની શરુઆત ફ્રન્ટ લાઈન વર્કર્સ અને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકોને ૧૦ જાન્યુઆરીથી કરાઈ હતી. ૧૨થી ૧૪ વર્ષના બાળકોને રસી આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સાથે ૬૦ વર્ષની ઉપરના અને ૪૫ વર્ષથી મોટા કે જેઓ ગંભીર બીમારીઓથી પીડાય છે તેમને બૂસ્ટર ડોઝ આપવાની શરુઆત કરાઈ હતી.

### હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટીમ પર હુમલો કર્યો હતો. તેમાં જમ્મુ-કાશ્મીર પોલીસના એએસઆઈ મુશ્તાક અહમદ શહીદ થયા હતા. આ વર્ષે અલગ-અલગ જગ્યાઓ પર આતંકી હુમલામાં ૯ પોલીસકર્મી શહીદ થઈ ચુક્યા છે.

૧૧ જુલાઈએ પુલવામામાં બે આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા, જેમાં જૈશ-એ-મોહમ્મદનો કમાન્ડર કૈસર કોકા પણ સામેલ હતા. કોકા ઘણી આતંકી ઘટનાઓના મામલામાં વોન્ટેડ હતો. રિપોર્ટ પ્રમાણે આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં ૧૨૫ આતંકીઓને ઢેર કરવામાં આવ્યા છે. જેમાંથી ૩૪ આતંકી પાકિસ્તાની હતી. જૂન મહિનામાં ૩૪ આતંકીઓનો ખાત્મો કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગત અનુસાર જમ્મુ-કાશ્મીરમાં હજુ ૧૪૧ સક્રિય આતંકી છે, જેમાંથી ૮૨ વિદેશી છે. રિપોર્ટનું કહેવું છે કે આતંકી સંગઠન આ સમયે જમ્મુ-કાશ્મીરમાં નાના અને આધુનિક હથિયારોને દાખલ કરવામાં લાગ્યા છે. હાલમાં થયેલા એનકાઉન્ટરમાં આ પ્રકારના હથિયાર જપ્ત થયા છે.

### કાયદો અને કાનૂન

● અનુસંધાન ચોથાનું ચાલુ...

સખત કેદમાં કેદિએ સખત મજૂરી કરવાની હોય છે.

ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૨ મુજબ પણ જો કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા દબાણ કરે અથવા કોઈ એક વ્યક્તિને એક જગ્યાએથી જવા માટે પ્રેરિત કરે છે તો અપહરણનો ગુનો નોંધવામાં આવે છે.

આમ, અપહરણએ એક ગુનો છે, જેમાં કોઈ વ્યક્તિને તેની/તેણીની ઈચ્છા વિરૂધ્ધ બળજબરીથી અથવા કપરી માધ્યમોનો ઉપયોગ કરીને એક જગ્યાએથી ખરોડવામાં આવે છે અને પોતાના કબજામાં રાખી તેને કાયદેસરનાં વાલીનો કબજામાંથી આવી વ્યક્તિને દૂર કરવામાં આવે છે. જેમાં બળ દ્વારા, ઈજા દ્વારા, લોભ, લાલચ કે ધાક, ધમકી કે પ્રેમથી પણ આવા પ્રકારનાં કૃત્યો કરવા વ્યક્તિને ઉશ્કેરવામાં આવે તો તેને પણ અપહરણની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ખંડણી માંગવા માટે તેમજ ભીખ માંગવા, વેશ્યાવૃત્તિ કરાવવા તેનું કે તેણીનું વાલીનાં કબજામાંથી અપહરણ કરવા માટે ૧૦ વર્ષની કલમ-૩૬૩(એ) મુજબની સજા અને દંડની જોગવાઈ છે. અપહરણ બાદ હત્યા કરવામાં આવે તો આજીવન સખત કેદ અને દંડની જોગવાઈ છે.

પતિ-પત્નિનાં છૂટાછેડાના કેસમાં કોર્ટ સગીર બાળકોની કસ્ટડી પત્નિને સોંપી હોય તેવા સંજોગોમાં કોર્ટની પરવાનગી વગર પિતા દ્વારા સગીર સંતાનોને પોતાના ગેરકાયદેસર કબજામાં લેવા તેને પણ કાયદાની ભાષામાં અપહરણ કર્યું ગણાય છે અને તે પ્રમાણે સજાની જોગવાઈ કરવામાં આવી છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧, info@trivediassociates.in

### પહેલું કિરણ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

નાખીએ આ કેટલું વ્યાજબી ? એ જ વખતે તેમણે નક્કી કર્યું કે હું લોકોમાં જાગૃતિ લાવીશ. આમ વિહંગ માટેનો જે પ્રેમ હતો તે સાપ તરફ ફંટાયો.

એ પછી તો ધર્મેન્દ્રભાઈએ સાપને બચાવવાનો નિર્ધાર કર્યો. તેમના પિતાએ તેમને સાપ વિશે પુસ્તકો મગાવી આપ્યાં. ધર્મેન્દ્રભાઈ સાપ વિશે વધુને વધુ વાંચવા અને સમજવા લાગ્યા. લવકુમાર ખાચર અને તેમની ટીમ દ્વારા સાપ વિશેના જે શો થતા તેમાં પણ તેઓ નિયમિત જવા લાગ્યા, ઘણા મિત્રો પણ તેમને મળ્યા જેને કારણે તેમનું સાપ વિશેનું જ્ઞાન વધ્યું.

ધર્મેન્દ્રભાઈએ પોતાના જીવનમાં ૧૯૮૬ માં ૧૫ વર્ષની વયે પહેલી વાર કોબ્રા પકડ્યો હતો. રહેણાક વિસ્તારમાં જ્યારે સાપ આવી જાય છે ત્યારે લોકો ગભરાઈ જાય છે. સાફ કરડશે તો પોતે મરી જશે એવી બીકને કારણે સાપને મારી નાખવામાં આવતા હોય છે. ધર્મેન્દ્રભાઈએ પછી તો સાપનું રક્ષણ કરવાનુ કામ શરૂ કર્યું. તેઓ રહેણાંક વિસ્તારોમાંથી સાપને પકડતા અને ખેતરો, સીમ કે જંગલમાં મૂકી આવતા. તેમનું કહેવું છે કે ગુજરાતમાં મુખ્યત્વે ચાર પ્રકારના સાપ ઝેરી હોય છે, બીજા તમામ પ્રકારના સાપ બિનઝેરી હોય છે.

ધર્મેન્દ્રભાઈએ સાપ-સંરક્ષણની આ પ્રવૃત્તિ શરૂ કરી એની પાછળ ઘણાં કારણો હતાં. એક કારણ તો એ કે જો સાપને બચાવવામાં આવે તો પર્યાવરણનું નુકસાન બચાવી શકાય. પર્યાવરણની સમતુલા માટે સાપ ખૂબ મહત્ત્વના છે. બીજું કારણ એ હતું કે સાપનાં મૃત્યુથી માણસ જાતને જે નુકસાન થઈ રહ્યું છે તે પણ બચાવી શકાય.

ધર્મેન્દ્રભાઈ ૧૯૯૧માં ગાંધીનગરમાં નોકરી માટે આવ્યા એ વખતે ગાંધીનગર એટલે વન અને વગડો. પ્રકૃતિથી છવાયેલા ગાંધીનગરમાં ચોમાસામાં ખૂબ સાપ નીકળતા. એ વખતે ધર્મેન્દ્રભાઈનું કામ વધી જતું. તેઓ ખૂણે ખૂણે દોડીને સાપને પકડતા અને યોગ્ય સ્થળે છોડી આવતા. અત્યાર સુધી તેમણે ૮૦૦થી ૧૦૦૦ જેટલા સાપ પકડીને તેમનું રક્ષણ કર્યું છે.

(ક્રમશઃ)